અનુસૂચિત જાતિ માટેની પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાની રાજ્ય સલાહકાર સમિતિમાં બિનસરકારી સભ્યોની નિમણૂક કરવા બાબત.

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક-૧૦૨૦૧૯-૧૩૪૮૦૯-૪૦૭૦-ક

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૦/૦૭/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૭/૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

**આમુખ :**

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના વિભાગના તા.૦૬/૦૮/૧૯ના ઠરાવથી પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાના બીજા તબક્કામાં ગુજરાતના ૧૧ જિલ્લાના પસંદગી થયેલ ૨૫ ગામો આદર્શ ગ્રામ બની શકે તેવા હેતુથી ગેપફિલીંગની વિવિધ પ્રવૃત્તિઓનું માર્ગદર્શન, દેખરેખ અને અમલીકરણ માટે આ યોજના અંતર્ગત (૧) રાજ્ય સલાહકાર સમિતિ (૨) રાજ્યની સંચાલન સહ દેખરેખ સમિતિ (૩) રાજ્ય કક્ષાની પીએમએજીવાય અનુસરણ સમિતિ (૪) જીલ્લા કક્ષાની પીએમએજીવાય અનુસરણ સમિતિ (૫) ગ્રામ્ય કક્ષાની પીએમએજીવાય સમિતિ એમ કુલ ૦૫ સમિતિઓની રચના કરવાનું ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૦૩/૦૭/૨૦ના ઠરાવથી સદરહુ યોજના હસ્તકની રાજ્ય સલાહકાર સમિતિમાં સામાજિક કાર્યકર અથવા નિષ્ણાત જેઓ અનુસૂચિત જાતિ કલ્યાણ ક્ષેત્રમાં કામ કરતા હોય તેવા ૦૬(છ) વ્યક્તિની નિમણૂક કરવાનું ઠરાવેલ છે. સદરહુ નિમણૂક પામેલ સામાજિક કાર્યકર અથવા નિષ્ણાતના નામમાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા.૦૩/૦૭/૨૦ના સરખા ક્રમાંકના ઠરાવથી પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હસ્તકની રાજ્ય સલાહકાર સમિતિમાં નિમણૂક કરવામાં આવેલ અનુસૂચિત જાતિ

કલ્યાણ ક્ષેત્રમાં કામ કરતા કુલ-૦૬(છ) સામાજિક કાર્યકર અથવા નિષ્ણાત પૈકી ક્રમ: (૪) થી નિમણૂક કરવામાં આવેલ નામની જગ્યાએ "શ્રી રાજેશકુમાર લેંબાભાઈ રાઠોડ" નામ વંચાણે લેવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિભાગના તા.૦૩/૦૭/૨૦ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Bhumika

( ભૂમિકા એચ. પટેલ )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીના અંગત મદદનીશશ્રી,

( ગૃહ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, જળસંપત્તિ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, પંચાયત ગ્રમ ગૃહ નિર્માણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ)

- જનરલ મેનેજરશ્રી, લોકલ હેડ ઓફીસ SBI, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા બિલ્ડીંગ, લાલ દરવાજા, અમદાવાદ.
- જનરલ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા, લોકલ હેડ ઓફીસ, અલકાપુરી, વડોદરા.
- SIO, NIC બ્લોક નં-૧૩, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સમિતિમાં નિમણૂક પામેલ બિનસરકારી સભ્યો(પત્ર દ્વારા)
- સિલેકટ ફાઇલ-૨૦૨૦